નવી બાબત: વર્ષ ૨૦૧૪-૧૫

અનુ.જનજાતિના તાલીમાર્થીઓને માટે કોમર્શીયલ પાયલોટની ટ્રેનીંગ અંગે લાભાર્થી દીઠ રૂ.૨૦ લાખની મહત્તમ લોનમાં વધારો કરી રૂ.૨૫ લાખ કરવા બાબત.

# ગુજરાત સરકાર

આદિજાતિ વિકાસ વિભાગ

ઠરાવ ક્રમાંક: પરચ-૧૦૨૦૧૩-ન.બા.૨૯-પ

સચિવાલય, ગાંધીનગર.

તા. ૪/૮/૨૦૧૪

વંચાણે લીધા :-

(૧) આદિજાતિ વિકાસ વિભાગના તા.૦૬/૦૪/૨૦૧૨ના ઠરાવ ક્રમાંક અજક/૧૧૨૦૧૧/ન.બા.૯/ઘ

(૨) ગુજરાત આદિજાતિ વિકાસ કોર્પોરેશનનો તા.૨૭/૦૧/૨૦૧૪નો પત્ર ક્રમાંક: ધિ.વા/નવી બાબત સ્કીમ.૧૬૫ થી ૧૬૬/૧૪

## ઠરાવ :-

રાજ્યના અનુસૂચિત જનજાતિના તાલીમાર્થીઓને કોમર્શીયલ પાયલોટની ટ્રેનીંગ માટે લોન સહાય આપવાની યોજનાનો અમલ ગુજરાત આદિજાતિ વિકાસ કોર્પોરેશન કરે છે. આમુખ: (૧)ના ઠરાવ થી અનુસૂચિત જનજાતિના ઉમેદવારોને કોમર્શીયલ પાયલોટ ટ્રીનીંગ માટે લોન સહાય રૂ.૧૫.૦૦ લાખ વધારી રૂ.૨૦.૦૦ લાખની જોગવાઇ કરેલ છે. આ મર્યાદામાં લાભાર્થીને આ ખર્ચ અપૂરતો જણાય છે. લોન કરતા ખર્ચ વધી જવાના કારણે લાભાર્થી આ ખર્ચને પહોંચી વળતા ન હોવાથી અરજીઓ પૂરતા પ્રમાણમાં મળતી નથી. લોન કરતાં ખર્ચનું પ્રમાણ વધુ હોઇ મહત્તમ મર્યાદા રૂ.૨૦ લાખની લોનમાં વધારો કરી રૂ.૨૫ લાખની કરવી આવશ્યક જણાય છે. તેથી નાણાકીય વર્ષ ૨૦૧૪-૧૫માં ૫(પાંચ) તાલીમાર્થી દીઠ રૂ.૫.૦૦ લાખના સૂચિત વધારા માટે રૂ.૨૫.૦૦ લાખની નવી બાબતનો વર્ષ ૨૦૧૪-૧૫ના અંદાજપત્રમાં સમાવેશ કરવામાં આવેલ છે. જેને વહિવટી મંજુરી આપવાની બાબત વિચારણા હેઠળ હતી. પુખ્ત વિચારણાને અંતે, પ્રસ્તુત નવી બાબતને નીચેની શરતોને આધીન રાખી વહિવટી મંજુરી આપવામાં આવેલ છે.

## શરતો :-

(૧) આ અંગેનો ખર્ચ જે તે વર્ષની બજેટ જોગવાઇ અને નાણા વિભાગ દ્વારા વખતો વખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં કરવાનો રહેશે.

(૨) પ્રસ્તુત દરખાસ્ત સંદર્ભે પ્રવર્તમાન નિયમોને આધિન ચાલુ તથા જરૂરિયાત પ્રમાણે આગામી નાણાંકીય વર્ષમાં પર્યાપ્ત બજેટ જોગવાઈ કરાવી લેવાની રહેશે

(૩) આ અંગેનું ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતોવખતના લાગુ પડતા ઠરાવો/ પરિપત્રો અને જોગવાઈઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનો રહેશે.

(૪) આ મંજુરી અન્વયે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિધ્ધાંતોનું પાલન કરવાનું રહેશે.

(૫) આ મંજુરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહિ બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

(૬) આ યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૭) પ્રવર્તમાન યોજનાના નોર્મ્સ અને લોનની રકમમાં જો ફેરફાર કરવાનો થતો હોય તો તે અંગે રાજ્ય સરકારના આદેશો મેળવી લેવાના રહેશે.

૨. આ અંગેનો ખર્ચ માંગણી ક્રમાંક-૯૬ આયોજન. મુખ્ય સદર-૨૨૨૫ અનુ.જાતિઓ, અનુ.જનજાતિઓ અને અન્ય પછાત વર્ગોનુંકલ્યાણ. ગૌણ સદર-૭૯૬ આદિજાતિ વિસ્તાર પેટા યોજના. પેટા સદર-૦૨ અનુ.આદિજાતિનું કલ્યાણ. ૩૨ બીસીકે-૧૨૫ અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓને કોમર્શીયલ પાયલોટ ટ્રેનીંગ માટે નાણાકીય લોન સહાય હેઠળ ચાલુ નાણાકીય વર્ષની જોગવાઈમાંથી નિભાવવાના તેમજ ઉધારવાનો રહેશે.

૩. આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ ઉપર નાણા વિભાગની તા.૨૪/૦૭/૨૦૧૪ની નોંધથી મળેલ મંજુરીથી બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

(હરેશ દવે)

સેકશન અધિકારી

આદિજાતિ વિકાસ વિભાગ

નકલ રવાના :-

- માન.રાજ્યપાલશ્રીના અગ્રસચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
- માન.મુખ્ય મંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન.મંત્રીશ્રી(આ.વિ.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી(આ.વિ.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રીના રહસ્ય સચિવશ્રી, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

- અગ્ર સચિવશ્રી (અર્થ)ના રહસ્ય સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રીના રહસ્ય સચિવશ્રી, કૃષિ અને સહકાર વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નાયબ અંદાજકારશ્રી(અ. વિ.), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- કમિશનરશ્રી, આદિજાતિ વિકાસ, બિરસામુંડા ભવન, સેકટર-૧૦/એ, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.
- નિવાસી ઓડીટ અધિકારીશ્રી, ગાંધીનગર
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
- જીલ્લા તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર.
- કાર્યપાલક નિયામકશ્રી, ગુજરાત સ્ટેટ ટ્રાયબલ ડેવલપમેન્ટ રેસીડેન્શીયલ એજ્યુકેશનલ ઇન્સ્ટીટ્યુશન્સ સોસાયટી, બિરસામુંડા ભવન, સેકટર-૧૦/એ ગાંધીનગર.
- મુખ્ય કારોબારી અધિકારીશ્રી, ડી-સેગ, બિરસામુંડા ભવન, સેકટર-૧૦/એ, ગાંધીનગર.
- હિસાબી અધિકારીશ્રી, બજેટ શાખા, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નાયબ સેક્શન અધિકારી સિલેકટ ફાઇલ.
- સિલેકટ ફાઇલ.